રજૂ તારીખ : ૦૨/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ : ૦૨/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૬.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૮૪/૨૦૨૬.**

**અરજદાર :–** **અંકીત રામપ્રકાશ રામસજીવન પાન્ડે,**
રહેવાસી : મકાન નંબર : બી/૩૦૨, સાનંતમ એવન્યૂ,
વાવ ગામ, તાલુકો : કામરેજ, જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી પી. આઇ. જોધપુરીયા.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૬૦૧૦૫/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૧૦૯(૧), ૫૪ મુજબના ગુનાના કામે હાલના અરજદારને

અટક કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી પી. આઈ. જોધપુરીયાની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૧૦૯(૧), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને અરજદારને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર/આરોપીએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઇ ભાગ ભજવેલ નથી. ફરિયાદમાં અરજદારનું નામ જણાવવામાં આવેલ નથી. અરજદારે બનાવમાં ફરિયાદીને કે અન્ય કોઇને ઈજા પહોંચાડેલ નથી કે કોઈની સાથે ઝઘડો કરેલ નથી. અરજદાર સામે કોઇ પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો નથી. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ આક્ષેપ નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહીશ છે. અરજદાર મજૂરી કરે છે. અરજદાર ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૧૦૯(૧), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદારે સહઆરોપીઓ સાથે મળી ફરિયાદી સાથે બોલાચાલી–ઝઘડો કરી, ગડદાપાટુનો માર મારી, ફરિયાદીને માથાના ભાગે તથા હોઠના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડેલ હોવાનો આક્ષેપ છે. પોલિસ તપાસના કાગળો જોતાં અરજદારે સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવે છે. હાલમાં સદર ગુનાની

તપાસ ચાલુ છે. અરજદાર ઉત્તરપ્રદેશ રાજયના મૂળ વતની છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ સાહેદોને ડરાવે–ધમકાવે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૧૦૯(૧), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરિયાદી નાસ્તાની દુકાને હતા ત્યારે સહઆરોપી કમલકિશોર કૌશલ્યા, સહઆરોપી આશિષ મિશ્રા, અરજદાર તથા સહઆરોપી નિખિલનાઓએ આવી ફરિયાદી સાથે ગાળાગાળી કરેલ, સહઆરોપી કમલકિશોરે લોખંડનો સળીયો ફરિયાદીના માથામાં મારેલ અને સહઆરોપી આશિષ મિશ્રાએ તિક્ષ્ણ હથિયાર ફરિયાદીના મોઢા ઉપર મારેલ. આ બનાવમાં ફરિયાદીને માથામાં ૧૫ ટાંકા લેવામાં આવેલા. ફરિયાદ તથા પોલિસ તપાસના કાગળો વંચાણે લેતાં હાલના અરજદારે ફરિયાદીને કોઇ હથિયાર વડે ઈજા પહોંચાડી હોય તેમ જણાઇ આવતું નથી. હાલના અરજદાર સામે ફરિયાદી સાથે બોલાચાલી–ઝઘડો કરી ગડદાપાટુનો માર મારવા સંબંધેનો આક્ષેપ જણાઇ આવે છે. આ સિવાય અરજદારની બીજી કોઇ ભૂમિકા જણાઇ આવતી નથી. વળી, ઈજા પામનાર ફરિયાદીને સારવાર બાદ રજા આપવામાં આવેલ છે અને તેઓની તબિયત હાલ ભયમુકત છે. અરજદાર સામેના આક્ષેપિત ગુનાઓ ધ્યાને લેતાં તેઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. વળી, ગુનાનો પ્રકાર જોતાં આરોપી પુરાવા સાથે ચેડાં કરે તેમ પણ જણાઇ આવતું નથી. આરોપી સામેના ગુનાની ટ્રાયલ ચાલી આખરી નિકાલ આવતાં સમય જાય તેમ છે. અરજદાર સામે અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાની કોઇ હકીકત તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં જણાઇ આવતી નથી, એટલે કે અરજદારનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદાર/આરોપી તારીખ : ૨૩/૦૨/૨૦૨૬ ના રોજથી જયુડિશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર

ઉત્તરપ્રદેશ રાજયના મૂળ વતની છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે અરજદારની હાજરી ઉપલબ્ધ બની રહે તે માટે યોગ્ય શરતો લાદવી ઉચિત જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં આરોપીને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઇ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઇ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઇ., ૨૦૧૨ ક્રિમિનલ લો જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર/આરોપી અંકીત રામપ્રકાશ રામસજીવન પાન્ડેની હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૧૮૪/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૬૦૧૦૫/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૧૦૯(૧), ૫૪ મુજબના ગુનાના કામે આરોપી રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદાર/આરોપીએ સદરહુ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી અત્રેની કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

(૫) અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી પાંચ માસ સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કોઇ પણ એક દિવસે સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પૂરાવવી અને જો આ સમયગાળા દરમ્યાન ચાર્જશીટ દાખલ થાય તો ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારે હાજરી પૂરાવવાની રહેશે નહીં.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૭ મી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૭/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594